સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

સાગરની ક્ષિતિજે સંજોગનો સૂરજ ડૂબી ગયો,
રંગીન સંધ્યા સમેટી અંધકારમાં ડૂબી ગયો,
ખૂબી છે ખૂદાની અસ્ત પછી ક્યાંક કરે પ્રભાવ -
સમે મોજાં જાણે સમુદ્રમાં સમુદ્ર ડૂબી ગયો.

હાઈકુ

ડૂબ્યો સૂરજ
જાણે શ્રદ્ધા વિન
ભરોસો ડૂબ્યો

અંધકારનો
અજગર ગળી ગ્યો
દૃષ્ટિના દીવા

ચિંતન

અજીર્ણે ભેષજં વારિ, જીર્ણે વારિ બલપ્રદમ્ ।
અમૃતં ભોજનાર્ધે, તુ ભક્સ્યોપરિ તદ્ વિષમ્ ॥

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે. અહીંયા પાણીની પ્રકૃતિ બાબત આરોગ્યપ્રદ સરળ માર્ગદર્શન આપવામાં આવ્યું છે. ઘણી વાર આપણે તદ્દન સરળ બાબત પણ અજ્ઞાનને કારણે આપણે જાણતા નથી અને જાણી બુઝીને આપણી જાતને અજ્ઞાનમાં નિર્દોષ રીતે નુકશાન પહોંચાડીએ છીએ. ઉચ્ચ અભ્યાસની સારી સારી ડિગ્રીઓ હોય છતાં વ્યવહારું જ્ઞાન ન હોય તો પાણીમાં જાય છે. એમ કહી જમતી વખતે 'પાણી'નો ઉપયોગ કેમ - કેવી રીતે કરવો એ સમજાવવામાં આવ્યુ છે.

માત્ર પાણી પી પી કરવું એ અપચાની દવા છે, પરંતુ પચ્યા પછી પાણી પીવું તેનાથી બળ વધે છે. અર્ધા ભોજન સમયે પાણી પીવું એ અમૃત સમાન ગણાય છે. પણ જમ્યા પછી વધારે પાણી પીવું એ ઝેર જેવં છે.

વહેલી સવારે પાણીના ત્રણ ચાર પ્યાલા બધા રોગોમાં રાહત અપાવે છે. શરીર નિરોગી રહે, વહેલી સવારે લીંબુ સાથેનું ગરમ પાણી મેદ ઉતારે છે. સૂંઠવાળું ઉકાળેલું પાણી ખાલી પેટે પીવાથી શરદી - કફ - વાયુ - શ્વાસ મટે છે. ભૂક લાગે છે પાચન સુચારુરુપે થાય છે.

સુવિચાર

- શરીરથી ઈન્દ્રિયો શ્રેષ્ઠ છે, ઈન્દ્રિયોથી મન શ્રેષ્ઠ છે,
  મનથી બુદ્ધિ શ્રેષ્ઠ છે, અને જે બુદ્ધિથી પણ શ્રેષ્ઠ છે તે આત્મા છે - **વેદ વ્યાસ**
- પ્રેમ પ્રાપ્ત કરવો એનાં કરતાં વિશ્વાસ પ્રાપ્ત કરવો વધારે અભિનંદનીય છે - **જન્મભૂમિ**
- સિર્ફ મરી હુઈ મછલી કો પાની કા બહાવ ચલાતી હૈ,
  જિસ મછલી મેં જાન હોતી હૈ, વહ અપના રસ્તા ખુદ બનાતી હૈ - **ઓશો**
- વિદ્યા જેવી આંખ નથી, સત્ય જેવું તપ નથી,
  આસક્તિ જેવું દુઃખ નથી અને ત્યાગ જેવું કોઈ સુખ નથી - **સર્વેન્ટીન**
- જેટલું સત્ય પ્રિય એટલું જ... સત્ય બોલનાર 'અપ્રિય' - **જીવન પાથેય**
- જીભના શબ્દો અને શબ્દોનો વટ માણસનું વજન નહીં એના
  ખિસ્સાનો ભાર નક્કી કરે છે - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : ગળોના સત્વને ભીંડાના બી અઢી-અઢી ગ્રામ લઈને દૂધમાં ઉકાળી પીવાથી વારંવાર પેશાબ થતો હોય તો રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

રવિન્દ્રનાથ ટાગોર મૃત્યુશય્યા પર હતા. એમના ખાસ મિત્રએ એમને કહ્યું, 'આપ તો ધનભાગી છો. કારણ કે આપે અદ્વિતીય ગીતો રચ્યાં, ગાયાં ! આપનું જીવન સાર્થક થઈ ગયું.' રવિન્દ્રનાથે કહ્યું, 'જે ગીતો મેં સ્વયં ગાયાં એનું કોઈ જ મૂલ્ય નથી. પણ જે ગીતો ગાતી વખતે 'હું' હાજર ન હતો, એનું થોડું ઘણું મૂલ્ય ગણી શકાય, મેં બે પ્રકારના ગીતો ગાયાં. એક તો એ ગીત કે જે 'મેં ગાયાં' જેનું કોઈ જ મૂલ્ય નહીં. બીજું એ કે ગીત કે જે મેં નહીં પણ અન્ય કોઈ એ ગાયા, હું કેવળ વાંસળી બની રહ્યો. મુજમાંથી (વાંસળી સ્વરુપે) વહી નીકળી, પ્રવાહિત થઈ ગયેલા ગીતો જ મૂલ્યવાન કહી શકાય. જે ગીતો માટે લોકો એ મારી પ્રસંસા કરી છે, એ ગીતો મેં ગાયાં જ નથી. અને જે ગીતો મેં ગાયાં છે એમાં તો ભૂલો રહી ગઈ છે. એ અમૃત સ્વર નથી.' ગુઢ અર્થ એ છે કે સાધકે એટલું ખાલી કે પોલું થઈ જવું કે સમષ્ટિ કે સમગ્રતાનું માધ્યમ બની જાય... વાંસળી બની જાય, જેમ વાંસળીમાંથી સમુધુર સંગીત વહેતું રહે છતાં વાંસળી પોતે તો ખાલી ને ખાલી !! સાધક એટલે માર્ગ કે સેતૂ બની જવું કે જે માધ્યમે પરમાત્મા પ્રગટ થઈ શકે. પરમાત્માનો સાક્ષાત્કાર કરવા આપણે પ્રાણ સંગીત વહાવતી વાંસળી બની જઈએ તો જીવન કંઈક અંશે સાર્થક બને.

તાલિબાની અને નકલસલી માનસિકતા

તંત્રીસ્થાનેથી...

વાદી સમાજ વિચરતી જાતિનું એક વિશિષ્ટ અંગ છે. એને પોતાની આગવી પરંપરાઓ છે અને તે મુજબ એ સમાજના નિયમોના કડક પાલનનો આગ્રહ રાખે છે. આધુનિકતાનો સ્પર્શ નહોતો થયો અને સંચાર વ્યવસ્થા છેવાડાના માનવી સુધી પહોંચી નહોતી ત્યાં સુધી મોટા ભાગના સમુદાયોમાં પોતીકી પરંપરાઓ અને પંચ દ્વારા ન્યાય તોળવાની તથા ગુના બદલ સજા કરવાની પ્રથા હતી. હજી પણ રબારપી સમાજ સહિત ઘણા પછાત સમુદાયોમાં પંચનું વર્ચસ્વ અકબંદ રહ્યું છે. આદિજાતિમાં એની આગવી પરંપરાઓ છે અને એનું પોતાનું 'ન્યાયતંત્ર' છે જે ગુનો 'ભાંગવા' માટે ભારે દંડ વસૂલે છે. લોકશાહી રાષ્ટ્રમાં ન્યાયપાલિકા બંધારણ અને કાનૂનના શાસન માટે જાગ્રત રહે છે. હારીજ નજીકના વાદી સમાજમાં તાજેતરમાં બનેલી એક ઘટના તાલિબાની સંસ્કૃતિનો અહેસાસ કરાવે છે. એક યુવતી એના પ્રેમી સાથે ભાગી ગઈ એ ગુના બદલ એની સાથે જે ક્રૂર વ્યવહાર કરાયો અને જાહેરમાં એની ફજેતી કરાઈ તે સભ્ય સમાજ માટે કે સંસ્કારી પ્રજા માટે ભારે ક્ષોભજનક જ ગણાય બલકે એ ક્રૂર કાર્યવાહીને સમાજની પરંપરામાં ખપાવી ન દેતાં કાનૂની રાહે સ્ત્રી અત્યાચારની કલમો મુજબ એમાં સંડોવાયેલા કહેવાતા સામાજિક આગેવાનોને કડક સંદેશ મળે એવી સજા થવી જોઈએ. એક નિર્દોષ યુવતી એના પ્રિયજન સાથે મનપસંદ જિંદગી ગાળવા સમાજના સકંજામાંથી ભાગે નહીં તો બીજું શું કરે ? સમાજ તો એ બે મળેલા જીવોને સાથે રહેવાની છૂટ આપવાનો જ નથી -એની બેઉને ખાતરી હતી. બેઉએ સમજણપૂર્વક ગૃહત્યાગનો નિર્ણય કર્યો હતો કારણ કે એ વસાહતમાં રહીને પ્રેમલીલા કરવામાં તો જીવનું જોખમ હતું. વાદી વસાહતના લોકોએ બેઉ પ્રેમીપંખીડાને શોધી કાઢ્યા અને સામાજિક પરંપરા મુજબ આકરી સજા પણ કરી દીધી. યુવકનું માથું મૂંડી, મોઢું કાળી કરી ગામમાં એનો 'વરઘોડો' કાઢ્યો એ તો ઠીક, પણ પેલી અબળાને કોથળા પહેરાવી એનું માથું મૂંડી નાખી કલેડાની મેંશ ઘસી એને કદરુપી બનાવી દઈ માથે ગરમ સગડી મૂકી એનો પણ વરઘોડો ફેરવ્યો. રોતી કકળતી અને ગરમ ડામથી શેકાતી યુવતીની કાકલૂદી કોઈને કાને ના ધરી કે ના એની કોઈએ દયા ખાધી. સમાજની પરંપરા અને એના અધિકારો સામે કોઈએ વિરોધ ના ઉઠાવ્યો. સ્વતંત્ર ભારતના પુખ્ત નાગરિકને મળેલા મૂળભૂત અધિકારોનું આ સામાજિક આગેવાનોને મન કશું જ મહત્ત્વ નથી. એમને તો પોતાની 'આબરૂ' વિષયક ચીલાચાલુ, જુનવાણી ફિલસૂફી સાથે જ મતલબ છે. આખી ઘટના સંદર્ભે જયારે પોલીસ અધિકારીને પૂછપરછ કરાઈ ત્યારે એ પણ તૈયાર જ જવાબ આપીને છૂટી જાય છે : 'અમને આવી કોઈ ફરિયાદ મળેલ નથી.' એમ કહી ટાળી દેનાર પોલીસ અધિકારી સમક્ષ પેલી દુખિયારી સ્ત્રી ફરિયાદ કરવા થોડી જઈ શકશે ? એને તો આખી જિંદગી એના વાદી સમુદાય સાથે ગાળવાની છે એટલે ગમે તેવી ક્રૂરતા વેઠીને પણ એ મૂંગી જ રહેશે. દેશના રાષ્ટ્રપતિથી લઈ વાદી સમાજની આ બાપડી-બિચારી યુવતીને બંધારણે તો સમાજ નાગરિક અધિકારો આપેલા છે, પણ પરંપરાના નામે કે બીજી રીતે એ અધિકારોનો ભોગવતો છેવાડાના માનવી સુધી પહોંચે છે ખરો ? વાદી વસાહતની આ ક્રૂક ઘટના જેવો જ બલકે એથી પણ વધુ અરેરાટી ઊપજાવે એવો બનાવ કોંગ્રેસી રાજય છત્તીસગઢના નકસલ પ્રવાભિત ક્ષેત્રમાં બન્યો છે. પોલીસના બાતમીદાર હોવીની સજા લેખે આખા ગામની હાજરીમાં એક યુવાનનું ગળું રહેસી દેવાય છે. દેશને સાચી આઝાદી મળી કયારે કહેવાય ? માનવીને કદાચ બે ટંક પૂરતું ખાવાનું ન મળે તો ભૂખમરો વેઠીને પણ એ જીવી લેશે, પરંતુ એને ઈજ્જતપૂર્વક માનવી તરીકે જીવવાનો અધિકાર મળે એની ખાતરી તો શાસન-પ્રશાસને આપવી જ રહી. ગુજરાતની વાદી વસાહતથી લઈ છત્તીસગઢના નકસલ પ્રભાવિત ક્ષેત્ર સુદી વ્યાપ વધારતી નકસલી કે તાલિબાની માનસિકતા સામે સમાજ અને સરકારે સજાગ બનવાની જરૂર છે.

આપણે જિંદગીથી વધુ નજીક જવાનું છે!



એક સર્જક મિત્રએ દીપોત્સવને વ્યાખ્યાયિત કરતા કહ્યું હતું: 'આ તહેવારનો પરિવાર છે, એ ખરેખર પરિવારનો તહેવાર છે! ક્ષણભર સમજાયું નહીં તેથી સામે જોયું. તો હસીને કહે, જો વાઘ બારસથી લઈ છેક બેસતું નવું વરસ, ભાઈબીજ અને લાભપાંચમ સુધીમાં, તહેવારનો આખો, સંપૂર્ણ પરિવાર આવી જાય છે. વળી આ વ્યક્તિગત નહીં પણ ઘર-પરિવાર માટે સામુહિક ઉજવણીનો તહેવાર છે. પોતીકા પરિવાર માટેનો અને પરિવાર સાથેનો આ લાંબો ને વિવિધતાસભર તહેવાર છે.

વ્યક્તિ, ઘર-પરિવારથી કોઈ કારણોસર અન્યત્ર વસતો હોય અથવા દેશ-દેશાવર નોકરી-ધંધા અર્થે બહારગામ ગયો હોય તે પણ આ દિવસોમાં ઘરે પાછો આવી જાય છે અને સહપરિવાર આ ઉજાસ અને ઉલ્લાસના તહેવારને માણે છે, મનનાં આંગણમાં મનગમતી રંગોળી પૂરે છે. આ દિવસો પૂર્વે ઘરની સાફ-સફાઈ કરી, ઘણું નવું લીધું ને જૂનું કાઢ્યું હશે. ઘર સજાવટમાં, વટ પડે એવું કંઈક કર્યું હશે. આ વેળા ગૃહલક્ષ્મીએ કામવાળાઓનો કકળાટ કર્યો હશેને અંદરનો કકળાટ કાઢ્યો કે રહી ગયો તેની ખુદને ખબર. પછીથી વસ્ત્ર ખરીદીનો દોર શરુ થયો હશે. સ્ટોરમાં પગ મુકવાની જગ્યા ન મળે એટલી ભીડમાં ભેરવાયા હશો. છેલ્લા દિવસોની ભીડ જોતા થયું હશે લોકો ગાંડી ખરીદે કરે છે કે પછી ખરીદી પાછળ ગાંડા થયા છેપ ખરેખર નક્કી ન થાય, જોયું હશે તો માર્કેટમાં પગ મુકવાની જગ્યા ન મળે. હૈયે હૈયું દળાતું હશે, જુઓ તો નરી પડાપડી ને ખેંચાખેંચી ! સોશિયલ ડીસ્ટન્સનાતો ધજાગરા ઉડે!

આ બધું પત્યા પછીથી વિવિધ મીઠાઈઓનો વારો આવે. કોઈ ઘરે બનાવે ને કોઈ વળી બજારમાંથી ખરીદે. પણ ઘર અવનવી મીઠાઈઓથી મઘમઘવા લાગ્યું હશે. એકાદ-બે બાળકો હોય તેને મીઠાઈમાં રસ જ હોય અને વડીલ મધુપ્રમેહગ્રસ્ત... તો પછી મીઠાઈ આરોગવાની કોને !? મળવા આવે એને કે પછી...

આ બધું પરંપરાગત, નવું કશું જ નહીં. સમય બદલાય તેના સાથે ઉજવણીની રીત રસમ પણ બદ લાવી જોઈએ. એક જ ચીલે ચાલવાના બદલે અન્યને આપણામાંથી પ્રેરણા મળે એવું નવું નીપજવું જોઈએ.

હા, ખરીદી અને ઘર સજાવવાનો કે મીઠાઈ બનાવવાનો એક અનેરો આનંદ હોય છે. . . પણ એવું કાંઈ થાય છે ખરું ?આ બધું ઉકેલવામાં નીજી આનંદ જ ઉકળી જતો હોય છે ને હાથ રહે છે માત્ર ધુમાડો !

બે-ચાર દિવસનો રજા-ઉત્સવનો માહોલ માણ્યા પછી આવતીકાલથી એ રાબેતા મુજબની ઘરેડ, ઘટમાળ કે કાર્યરીતિ-પદ્ધતિમાં પાછું જોડાવાનું જ નહી, જોતરાવાનું છે. ત્યારે પોતાના દિલ પર હાથ મૂકી જાત સાથે બેઘડી સંવાદ કરવાનો છે:આ તહેવારને માણ્યા પછી મારામાં કોઈ ઊર્જાનો ઉમેરો કે આશાનો સંચાર થયો ખરો?ઘરેડમાં કાંઈ બદલાવ આવ્યો ખરો ? વાણી, વર્તન, વ્યવહાર કે નીતિ-રીતિમાં કાંઈ પરિ વર્તન આવ્યું ખરું?ઊડીને આંખે વળગે એવું નહીં તો, નરી આંખે જોઈ શકાય એવો ફેરફાર થયો ખરો. . . હા, આ કોઈ મીટરથી માપી કે વજનકાંટાથી જાણી શકાય એવું નથી. પણ ઘણું આપોઆપ ઓળખાય કે પરખાય જતું હોય છે. ભલે ન દેખાય, ન વંચાય પણ જેનો આપણા દિલમાં અદ્રશ્ય દસ્તાવેજ થતો હોય છે !

આપણે ત્યાં તહેવારનો ભારે મહિમા છે. દરેક તહેવાર કોઈને કોઈ સંદેશ લઈને આવે છે. જેમાં ઋતુ સાથેનું અનુસંધાન પણ હોય છે. જે આપણા તન-મનના આરોગ્યને ઉપકારક નીવડે છે. જેનાથી રીચાર્જ, રીફ્રેશ અને અપડેટ થવાય છે. મૂળતો વાર-તહેવાર, પ્રસંગો આપણા મનને માંજે છે. ઘસીને ઉજળા કરે છે !

નવેસરથી ઘડાવા માટે એકવાર ભંગાવું પડે... આ બધું જાણવા છતાં જૂનું ભુલાતું નથી. પડેલા ઘાવ ખરજવાની જેમ ખોતરતા રહે છે. પારાવાર વેદના થાય છે. વાદ-વિવાદના ઉભરા આવે છે. જૂની યાદો, ફરિયાદો હદયના કમાડ ખખડાવ્યા કરે છે. આ નકારત્મક સઘળું મનની ભોંય પરથી ભૂસાતું નથી. લાગે કે આ બધું ડીલિટ કરવાનું સોફટવેર જ ડીલિટ થઈ ગયું છે !

પણ નવા વરસે શુભેચ્છાઓની આપણે આપ-લે કરી છે... ને એવું નબળું, નકામું સઘળું ખંખેરી ફરી નવા વરસને આવકારવાનું તેમાં સહર્ષ સ્વીકાર્યું છે ત્યારે જિંદગીથી વધુ નજીક જઈ જિંદગીને જાણવાની જફામાંથી મુક્ત થઈ, જિંદગી માણવાની છે... સર્વને નવા વરસની અઢળક શુભેચ્છાઓ !

છેલ્લે :

વાનગી, દીવાનગી, રવાનગી ને પરવાનગી... લગભગ ખાનગી રાખી શકાતી નથી !

સાહિત્યમાં ચોરી, લૂંટ અને લંપટતા ? શેઇમ શેઇમ

આજકાલ સાહિત્યમાં ચોરીનો મુદ્દો સોશિયલ મીડિયા ઉપર ખૂબ જ ચર્ચામાં છે. ગાંધીનગરના એક કથિત લેખકને કારણે આખું ગાંધીનગર શહેર બદનામ થઈ રહ્યાની ચારેતરફ સોશિયલ મીડિયા ઉપર ચર્ચા ચાલી રહી છે. આ કથિત લેખકની ઉપર લોકો તિરસ્કાર વરસાવી રહ્યા છે. પરંતુ શું આ એક જ લેખક એવા છે કે જેમણે ચોરી કરી છે ? લેખકો અને ભાવકો જાત જાતના સવાલો ઉઠાવી રહ્યા છે. આનાથી આગળ વધીને કાલ સવારે કોઈ એમણે લખેલા બીજા અનેક પુસ્તકોની મૌલિકતા પર પણ સવાલ ઉઠાવે તો શું એને સાચા માની લેવા ? જે પુરસ્કારો મળ્યા છે સન્માનો મળ્યા છે એનું શું ? પ્રશ્નો તો બધી રીતે કરી શકાય. પણ જવાબ શોધવાની આપણી પ્રવૃત્તિ થાય તો સાહિત્ય માટે વધુ હિતાવહ છે.

સાહિત્યમાં આજે ઘણા એવા લેખકો છે કે જેમની પાંચ પુસ્તક લખવાની ક્ષમતા ના હોય અને એ લેખકના નામે ચાલીસ / પચાસેક પુસ્તક પ્રકાશિત થયેલા હોય છે. એનું શું ? આ પુસ્તકોના કર્તૃત્વ અંગે સાચા પ્રમાણ કોણ આપશે ? સાહિત્યમાં ચોરીની ઘટનાઓ વર્ષોથી થતી આવી છે. જેમાં ઘણી વખત એક સરખા વિચાર ઉપર, સંવેદના ઉપર અગાઉ પણ વાર્તાઓ લખાઈ ગઈ છે. અને લેખકો પકડાયા પણ છે. આવું સુરતના એક જાણીતા ગઝલકાર ઉપર પણ આક્ષેપો થયા હતા. કે તેમણે ફલાણા ગઝલકારની ગઝલની ચોરી કરી છે. કેમ કે બન્ને ગઝલોના શેર હૂબહૂ મળતા હતા. ૨૦૧૪-૧૫માં હું જ્યારે અકાદમીમાં હતો ત્યારે એક અધ્યાપક મિત્રએ પોતે લખેલા '' ભાષાવિજ્ઞાન ''ની હસ્તપ્રત શિષ્ટમાન્યની સહાય માટે મૂકેલી. મને શંકા જતા મેં તપાસ કરી તો મોટાભાગનું લખાણ આપણા જાણીતા ભાષાવૈજ્ઞાનિક '' શ્રી કે.બી.વ્યાસ'' ના ''ભાષાવિજ્ઞાન'' માંથી બેઠેબેઠું લેવામાં આવેલું અને ખૂબી તો એ વાતની હતી કે જે તે વિષયના મુદ્દાઓ પણ એ જ હતા. અમે મૌલિકતાનું પ્રમાણપત્ર માગ્યું તો એ અધ્યાપક મિત્રએ ના આપ્યું અને હસ્તપ્રત પરત મોકલી આપી. વાત આટલેથી અટકતી નથી. એકાદ વર્ષ પછી એ ''ભાષાવિજ્ઞાન'' પુસ્તક એક જાણીતા પ્રકાશકે છાપેલું. અને એ પુસ્તકને પુરસ્કાર પણ મળેલો.

આજે સોશિયલ મીડિયા છે. ચારેબાજું કવિ લેખકોના રાફડા ફાટ્યા છે. સર્જન કરવું એ વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્ર માટે ગૌરવની વાત છે. પણ જેને એક પાનું સાચું લખતા આવડતું નથી. એવા લોકો ધડાધડ અહીં તહીં લખીને પુસ્તકો પ્રગટ કરવા લાગે ત્યારે આવા ચોરીના પ્રશ્નો સર્જાય છે. આઘાત લાગે છે. અને આજે સાહિત્યની સ્થિતિ બગાડવામાં પ્રકાશકોનો પણ મોટો ફાળો છે. લોકો પૈસા આપે એટલે વાંચ્યા કે જોયા વિના ગમે તેવા નિમ્નસ્તરના પુસ્તકોને છાપી નાખે છે. આજે પ્રસિદ્ધિનો મોહ ધરાવતા અનેક કર્મચારીઓ કલમ લઈને... કા..કા...કા... કરે છે. જેને કૂંજન સમજીને થોડાઘણા લોકો વાહ વાહ પણ કરે છે. અને પછી સર્જાય છે સાહિત્યમાં ચોરી, લૂંટ અને લંપટતા.

મને લાગે છે કે હવે કાં તો સરકારે કાં તો અકાદમી કે પરિષદે ''સાહિત્યિક સર્જક ટેસ્ટ '' (એસ.એસ.ટી.) કમિટિ બનાવવાનો સમય આવી ગયો છે. જેણે કવિ કે લેખક કે વિવેચક બનવું છે એમને એ એક્ઝામ પાસ કરવી ફરજીયાત છે, જેમણે કોઈ પુસ્તક પ્રગટ કરવું છે એમના માટે પણ મૌલિકતાના નિયમો હોવા જરૂરી છે. આજે આખા દેશમાં લોકશાહી અને બોલવાની, લખવાની સ્વતંત્રતાના નામે ઘણી બધી ચોરીઓ, લૂંટફાટ થઈ રહી છે. ગમે તે વ્યક્તિ ગમે તેવું લખી શકે અને પ્રગટ કરી શકે છે એ સ્વતંત્રતાને કારણે આજે આપણું ભારતીય સાહિત્ય બદનામ થઈ રહ્યું છે. કોઈપણ નવોસવો અભ્યાસી કે ઉછાંછળો વિવેચક કાલિદાસ કે જગન્નાથની રચનાઓ ઉપર સવાલો ઉઠાવતો જોવા મળે છે. તો વળી કોઈ વેદો, પુરાણો, ઉપનિષદો કે ધર્મગ્રંથો ઉપર પોતાની મનગઢત ટિપ્પણી આપી રહ્યું છે. પુસ્તક રૂપે પ્રગટ કરે છે. અને લાખો કરોડો અશિક્ષિત પ્રજા પાસે એ પહોંચે તો એ પ્રજા તો સાચું માની લેવાની જ છે. આજે આવું પણ બની રહ્યું છે.

સાહિત્યની ચોરી કરનાર આ કહેવાતા લેખકોએ સંસ્કૃતના સુપ્રસિદ્ધ શ્લોકને ખોટો પાડી દીધો છે. ' ન ચોરહાર્યં ન ચ રાજહાર્યં..... '' જેને ચોર ચોરી શકતા નથી, રાજા હરી શકતા નથી, ભાઈઓ ભાગ પડાવી શકતા નથી, જેનો કદી ભાર લાગતો નથી '' ભલે આ શ્લોક ''વિદ્યા''ના સંદર્ભે છે. પણ વિદ્યા એ સાહિત્ય જ છે. અને કોઈ સર્જકના આવા શાશ્વત શબ્દોની, સંવેદનાની, વિચારોની ચોરી કરવી એ દુનિયાનું સૌથી મોટું પાપ છે. જેની નોંધ ચોરી કરનારનો આત્મા કેમ નહીં લેતો હોય એ પણ સૌથી મોટો સવાલ છે. જો કે જેને આત્મા હોય એ ચોરી કરે જ નહીં. ચોરી કરવા માટે પણ પોતાના આત્માને મારી નાખવો પડે છે. પોતાની જેવી હોય એવી થોડી ઘણી ઈજ્જતને પણ અવગણવી પડે છે. શું આવું બધુ ચોરી કરનાર લેખકો કરતા હશે ખરા ? આપણે ત્યા ચોર વિવેચકો પણ છે. ઘણાય પોતાને ભેટ મળેલા પુસ્તકોની પ્રસ્તાવના ચોરીને એની કૉપીપેસ્ટ લેખ કરીને પોતાના નામે છપાવી દેનાર પણ અહીં છે. અને ક્યાંય પ્રસ્તાવનાનો કે મૂળ લેખકનો ઉલ્લેખ પણ નહીં. વાંચકોને તો એમ જ લાગેને કે આ પુસ્તકનું વિવેચન આ મહાશયે કરેલું છે. તો વળી અનેક મિત્રોના પુસ્તકોને વાંચ્યા વિના પ્રસ્તાવનાઓ પણ લખી આપનાર પ્રસિદ્ધિ ભૂખ્યા બબૂચકો પણ અહીંયા છે. જેમાં મોટેભાગે તો ફાસફૂસિયા અને ઉછાંછળા લેખક થવા મથતા લેખકો પોતે જ પોતાના પુસ્તકની પ્રસ્તાવના લખીને કોઈ મોટા લેખકને ફોનમાં કહીને એમની મંજુરી લઈને પોતાના પુસ્તકમાં છાપી દેતા હોય છે. અને આવા મથતા લેખકોને સાહિત્યકાર તરીકેની પ્રસિદ્ધિનો એટલો બધો મોહ હોય છે કે જોયા જાણ્યા વિના, વાચ્યા વિચાર્યા વિના તેમને હા પાડી દેતા હોય છે અને તમે ગમે તેવા પુસ્તકમાં ગમે તેવું લખાણ એમના નામે છપાઈ જાય છે. હવે આવા ફાસફૂસિયા લેખકોને મન તો આવા પ્રસિદ્ધિ ભૂખ્યા લેખક મોટા ને મહાન લેખક લાગવાના, વળી પાછા એમાંય જો એ શહેરની કે જિલ્લાની કે રાજ્યની કોઈ સાહિત્યિક સંસ્થાના પ્રમુખ (પરમ મૂર્ખ જ) કે ઉચ્ચ હોદેદાર હોય એટલે તો... એટલે બહાર તો આ સંસ્થાના નામે લોકો માનસન્માન પણ આપે. બિચારા સામાન્ય વાંચકો ને ભાવકોને મન તો દરેક સાહિત્યકાર - કવિ સારો, સજ્જન, મહાન જ હોવાનો... એ પછી ભલે ને કોઈનું ચોરીને લખતો હોય કે સોશિયલ મીડિયા ઉપરથી કૉપી પેસ્ટ કરીને લખતો હોય કે કોઈની પાસે લખાવતો હોય. આવા શેખકો પાછા પોતાની જાતને ઉમાશંકર જોશીથી પણ મહાન સમજતા હોય છે. જેમને ખરેખર કવિતાની એક સાચી લીટી પણ લખતા આવડતી નથી હોતી એવા કવિતાઓની ચોરી કરે છે. અહીં કોઈ કોઈની પ્રસ્તાવનાઓ ચોરીને પોતાની કરી નાખે છે. તો વળી ક્યાંક અનુવાદ કરેલી વાર્તાઓ પોતાને નામે ચડાવીને અનેક સામયિકોમાં છપાવી સંપાદકોને અને વાંચકોને ઉલ્લૂ બનાવાય છે. મૂળ ચોપડી વાંચ્યા વિના પ્રસ્તાવનાઓ લખે કે ખૂદ લેખક પાસે લખાવી પોતાના નામે છાપવાની પરમિશન આપવાની પ્રવૃત્તિઓ આજે ઠેર ઠેર ચાલી રહી છે. આજે આપણી જ વચ્ચે એવાય ઘણા લેખકો છે જેઓ પીએચ.ડી નહીં હોવા છતાંય પોતાના નામની આગળ ''ડૉ'' લગાવીને દુનિયાને ઉલ્લૂ બનાવે છે. રાજ્યની ને રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓ બનાવી મોટા મથાળાઓ રાખીને. લેટરહેડ છાપીને કોઈ સ્કૂલ બાજુમાંથી પસાર થાય તો પણ અખબારોમાં પ્રેસનૉટો આપે છે. જેમને ગાંધીજીના ''ગ''ની ખબર નથી, જેમને કવિતાના ''ક''ની ખબર નથી, જેમને છંદના ''છ''ની ખબર નથી, જેમને લયના''લની, વાર્તા કે વિવેચનના''વ''ની અને સંશોધનના ''સ''ની ખબર નથી તેવા ફાસફૂસિયા લોકો સાહિત્યકારનું મહોરું પહેરી બજારમાં ને સોશિયલ મીડિયા ઉપર આખા સમાજને ઉલ્લૂ બનાવે છે ત્યારે એક જ કહેવત યાદ આવે છે ''અંધેરી નગરી ને ગંડુ રાજા, ટકે શેર ભાજી ને ટકે શેર ખાજા.'' અસ્તુ.

- 9426060601.india@gmail.com

કોહલી.. શાસ્ત્રી અને ભારતના સાચા 'રત્નો '..!



યસ, આશાથી વિપરીત ભારતીય ટીમ ટી ૨૦ વર્લ્ડકપમાંથી બહાર ફેંકાઈ ગઈ અને એ સાથે કોહલીની ટી૨૦ ટીમના કેપ્ટન તરીકેની ઈનિંગનો પણ અંત આવ્યો. પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ સામેની હાર ભારતને વસમી પડી. આ બન્ને હાર પછી ભારતનો દેખાવ તો સુધર્યો પણ બીજી ટીમોના રિઝલ્ટના આધારે બેઠેલી ભારતીય ટીમને અંતે બહાર થવું પડ્યું. આમ જોવા જાવ તો મહત્વના મુકાબલામાં ભારતના બેટિંગ અને બોલિંગ બન્ને ક્ષેત્રે નિમ્નસ્તરના પ્રદર્શનના લીધે આપણે આગળ વધવાને લાયક નહોતા એ હકીકત હતી પણ છતાંયે આશા અમર રાખીને બેઠેલા ચાહકોને અંતે તો નિરાશા જ હાથ લાગી અને ૨૦૦૭ પછી ફરી એકવાર ટ્રોફી જીતવાની ઉમ્મીદ ધૂળમાં મળી ગઈ. જાન્યુઆરી ૨૦૧૭માં ધોની પાસેથી કેપ્ટન્સી લેનાર કોહલી નામીબીયા સામેની એની કેપ્ટન તરીકેની છેલ્લી ટી ૨૦ પછી ધોની (૪૨ જીત) પછી સૌથી વધુ ટી ૨૦ જીતનાર કેપ્ટન બની રહ્યો. કોહલીની કપ્તાનીમાં ભારત ૫૦ માંથી ૩૦ જીત્યું અને ૧૬ હાર્યું. કેપ્ટન તરીકે કોહલી ફિન્ચ પછી સૌથી વધુ રન કરનાર બેટર્સ છે તો એની કપ્તાનીમાં ભારતે ઈંગ્લેન્ડ, સાઉથ આફ્રિકા, ન્યુઝીલેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ અને ઓસ્ટ્રેલીયાને એની જ ધરતી પર હરાવ્યા છે. હવે નવો કેપ્ટન રોહિત છે અને ન્યુઝીલેન્ડ સામેની આગામી સિરીઝમાં કોહલીને આરામ અપાયો છે પણ જેમ કોહલીએ કહ્યું એમ એ હજુ ટી ૨૦ રમતો રહેશે અને ઓફ કોર્સ હવે કોહલી કદાચ કપ્તાનીના ભાર વગર સારું ક્રિકેટ રમી શકશે એવી ક્રિકેટ રસિકોને આશા છે.

કોહલીની સાથે સાથે જ રવિ શાસ્ત્રીની પણ ઇંડિયન ટીમના કોચ તરીકે વિદાય થઈ. કોહલી-શાસ્ત્રીની જોડીએ છેલ્લા ચારેક વર્ષમાં ભારતીય ક્રિકેટને નવી ઊંચાઈઓએ પહોંચાડ્યું છે એમ કોઈ બેમત નથી જ. ખાસ તો ભારતીય ટીમ વિદેશમાં ઝીરો છે એ ભ્રમ ભાંગી નાખ્યો – ખાસ કરીને ટેસ્ટ ક્રિકેટમાં. આ જોડીએ ૨૦૧૭ માં શ્રીલંકાને ૩-૦ થી, ૨૦૧૮-૧૯માં અને ૨૦૨૦-૨૧ માં કોહલીની ગેરહાજરીમાં રહાણેના નેતૃત્વમાં ઓસ્ટ્રેલિયાને તેની જ ધરતી પર ફરીવાર હરાવ્યું. ટેસ્ટ ટીમને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પીયનશીપના ફાઈનલ સુધી પહોંચાડી. ૨૦૨૧ માં ઈંગ્લેડ સામેની ટેસ્ટ સીરિઝમાં ૨-૧ થી આગળ છે. વેસ્ટ ઈન્ડિઝ' ને એની જ ધરતી પર હરાવ્યું એટલું જ નહીં પણ કોચ શાસ્ત્રી અને કેપ્ટન કોહલીની દેખરેખમાં ભારતીય ટીમ ૨૦૧૬થી ૨૦૨૦ સુધી ૪૨ મહિના માટે ટેસ્ટમાં દુનિયાની નંબર-૧ ટીમ બની રહી.. ટેસ્ટની સાથે સાથે વન ડે માં પણ વર્લ્ડકપ સેમી સુધી પહોંચ્યા. ટી ૨૦ ની વાત તો આગળ થઈ ગઈ પણ વન-ડે માં પણ શ્રીલંકાને ૫-૦ થી, આફ્રિકાને એની જ ધરતી પર ૫-૧ થી તો ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા અને વેસ્ટ ઈન્ડિઝને પણ એની જ ધરતી પર વન-ડે સિરીઝમાં હરાવ્યા.હા આ બન્નેની જોડી કોઈ આઈસીસી ટ્રોફી ના જીતી શકી સીવાય કે ૨૦૧૭ માં એશિયા કપ. એમ છતાં ભારતીય ક્રિકેટને નવી ઊંચાઈ આપવામાં, રોહિતને ઓપનિંગમાં સેટ કરવામાં, ભારતીય ફાસ્ટ બોલરોને દુનિયાના બોલરો સમકક્ષ લાવવામાં અને ખાસ તો વિદેશમાં પણ જીતી શકીએ છીએ એવો વિશ્વાસ અપાવવાનો શ્રેય શાસ્ત્રીને ચોક્કસ આપવો પડે. હવે એવા જ હોનહાર રાહુલ દ્રવિડ ટીમ ઈન્ડિયાના કોચ બન્યા છે ત્યારે ભારતીય ટીમ આ જ પ્રદર્શન ચાલુ રાખશે એવો ક્રિકેટ રસિકોને વિશ્વાસ છે.

ભારતના આ જાણીતા ચહેરાઓથી હવે વાત કરીએ એવા અજાણ્યા ચહેરાઓની કે જેનું નામ નહીં પણ કામ જાણીતું છે. હમણાં જ ભારતના સર્વોચ્ચ પદ્મ પુરસ્કાર અપાયા. ૭૨ વર્ષની ઉમર અને ખુલ્લા પગે શરીર પર માત્ર ચાદર લપેટેલા તુલસી ગૌડા જ્યારે રાષ્ટ્રપતિના હસ્તે પદ્મશ્રી લેવા આવ્યા ત્યારે લોકોને કુતૂહલ થયું પણ આ અજાણ્યો ચહેરો એક પર્યાવરણ યોદ્ધા છે, જેમને 'ઈનસાઈક્લોપીડિયા ઓફ ફોરેસ્ટ' નામથી ઓળખવામાં આવે છે. કર્ણાટકના એક ગરીબ આદિવાસી પરિવારમાં જન્મેલી ગૌડા ક્યારેય શાળાએ ગયેલા નથી પણ છેલ્લા ૬ દાયકાથી પર્યાવરણ સુરક્ષાની અલખ જગાવી રહ્યા છે એટલું જ નહીં પણ ૧૨ વર્ષની ઉંમરથી અત્યાર સુધીમાં આશરે ૩૦ હજાર છોડ ઉગાડ્યા છે અને તેને વૃક્ષનું સ્વરૂપ આપ્યું છે.અને હવે તેમનું આ જ્ઞાન નવી પેઢી સાથે વહેંચે છે. લુંગીની જેમ પહેરેલી સફેદ ધોતી. સફેદ રંગનો શર્ટ અને ગળામાં એક મફલર અને ઉઘાડા પગે પદ્મશ્રી લેવા આવેલા રહેકલા હજબ્બા મેંગલુરુના માર્ગો પર ટોપલીમાં સંતરા રાખી ફરી ફરીને તે વેચે છે. ગરીબીને લીધે શિક્ષણ મેળવી ના શકનાર હજબબાએ નક્કી કર્યું કે એના ગામમાં કોઈ ભણ્યા વગર નહીં રહે અને એટલે એમણે સંતરાની કમાણીમાંથી ગામમાં સ્કૂલ આ શાળા 'હજબ્બા આવારા શૈલ એટલે કે હજબ્બા કા સ્કૂલ' નામથી ઓળખાય છે. લાલ સાડીમાં સાવ સાદી મહિલા લાગતી રાહીબાઈ સોમા પોપેર આદિવાસી છે પણ વૈજ્ઞાનિક પધ્ધતિથી અને દેશી બીજથી ખેતી કરવામાં આગળ છે અને એને એટલે જ ' સીડ મધર ' કહેવાય છે. પોતાની સેક્સ્યુલિટી માટે પરિવારનો ત્રાસ સહન કરનાર, જીવવા માટે ભીખ માંગનાર, અનેકવાર બળાત્કારનો ભોગ બનેલી, આત્મહત્યાની કોશિશો કરી ચૂકેલ અને હવે કર્ણાટક ની ' જોગતિ નૃત્ય ' ની પ્રતિષ્ઠિત ફોક ડાન્સર મંજમ્મા ને પણ પદ્મશ્રી એનાયત થયો આમાં સરાહનીય વાત એ છે કે મંજમ્મા ટ્રાન્સજેન્ડર છે.

ઉમર છે ૮૩ વર્ષ અને કામ છે સાયકલ રીપેર કરવાનું પણ એમણે અત્યાર સુધીમાં ૨૫૦૦૦ થી વધુ બિનવારસી લાશોના અંતિમસંસ્કાર કર્યા છે. પદ્મશ્રી એવોર્ડ વિજેતા અયોધ્યાવાસી આ શખ્સ છે મોહમ્મદ શરીફ. ૧૯૯૨ માં એમના પુત્રની હત્યા કરીને કોઈએ લાશ રેલવે ટ્રેક પર ફેંકી દીધી. પુત્રને અંતિમ સંસ્કાર નસીબ ના થાય પણ એ પછીથી શરીફ ચાચાએ નાત-જાત જોયા વગર બિનવારસી લાશોના એમના ધર્મ મુજબ અંતિમસંસ્કાર કરવાનું ચાલુ કર્યું. પદ્મશ્રી વિજેતા રાજસ્થાનના હિંમતારામ પણ છેલ્લા ૨૫ વર્ષમાં લગભગ પાંચેક લાખ વૃક્ષો વાવી ચૂક્યા છે અને એ પણ મોટાભાગે રણ જેવા પ્રદેશોમાં. આવું જ કાંઈક લદાખના સામાજિક કાર્યકર પદ્મશ્રી વિજેતા છુંલટીમ છોનજોરનું છે એમણે પણ પોતાના ખર્ચે, પોતાની સંપતિ વેચીને રામજક થી કારગયાંક ની ૪૦ કિમી સડક બનાવી. ગુજરાત માટે ખુશીની વાત એ છે કે પૂર્વ મુખ્યમંત્રી સ્વ. કેશુભાઈ પટેલ, લોક સાહિત્યકાર શ્રી દાદુદાન ગઢવી, લોકપ્રિય તારલા મહેશ અને નરેશ કનોડિયા, વિખ્યાત હાસ્ય કલાકાર શાહબુદ્દીન રાઠોડ, બાલકૃષ્ણ દોશી આર્કિટેક્ચર, ચંદ્રકાંત મહેતા, ગફુરભાઈ બિલખિયા, એચ. એમ. દેસાઈ, સુધીર જૈન. યઝદી કરંજિયા, ડો. ગુરદીપસિંઘને પદ્મ એવોર્ડસથી નવાજવામાં આવ્યા. ખેલજગતમાંથી મેરી કોમ, પી વી સિંધુ, નાટ્યકાર સરિતા જોશી, હોકી પ્લેયર રાની રામપાલ, સ્વ. સિંગર એસ. પી. બાલા સુબ્રમણ્ય અને સુરેશ વાડેકર, અરુણ જેટલી, સુષ્મા સ્વરાજ જેવા લાયક દિગ્ગજોને ભારતનું આ સર્વોચ્ચ સન્માન મળે તે તો સમજ્યા પણ કંગના, એકતા કપૂર, અદનાન શામી અને કરણ જૌહર જેવાને કયા યોગદાનને આધારે પદ્મ મળ્યા એ ના સમજાયું ?